


# સુરજકરના સમર્થકોએ કોંગી કાર્યાલયમાં કરેલી તોડફોડ

## અસારવા બેઠકની ટિકિટ ન મળતા કોંગ્રેસ પ્રદેશ કાર્યાલય ઉપર વિપક્ષના નેતા શક્તિસિંહને ધક્કે ચઢાવ્યા

અમદાવાદ, તા. ૨૯

અમદાવાદ શહેરની અસારવા (એસસી) બેઠક પર કોંગ્રેસે નિવૃત્ત આઈપીએસ અધિકારી રાજન પ્રિયદર્શીને ટિકિટ આપતા આ બેઠકના દાવેદાર સેવાદળના અગ્રણી અને મ્યુનિ. કોર્પોરેટર મંગળ સૂરજકરના સમર્થકોએ આજે સમી સાંજે ઘૂસીને તોડફોડ કરી હતી. તેમજ વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલનો ઘેરાવ કર્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ અસારવા વિસ્તારના અગ્રણી મંગળ સૂરજકર ટિકિટ માટેના પ્રબળ દાવેદાર હતા. કોંગ્રેસે સૂરજકરને ટિકિટ ન આપતા તેમના સમર્થકો ગુસ્સે ભરાયા હતા અને આજે સાંજે પ્રદેશ પ્રમુખ કાર્યાલયે આવીને તોડફોડ કરી હતી. આ દરમિયાન વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ કાર્યકરોને સમજાવવાના પ્રયાસો કરતા સમર્થકોએ શક્તિસિંહને ઘેરી લીધા હતા. કોંગ્રેસે આજે ૬૦ બેઠકોના ઉમેદવારોની યાદી જાહેર નહીં કરીને જે તે ઉમેદવારોને સૂચના આપી મેન્ડેટ લેવા માટે બોલાવ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસના મેન્ડેટનું કાર્ય પણ એસ.જી. હાઈવે પરથી એક ઓફિસમાંથી કરવામાં આવી રહ્યું છે. પ્રેસ-મિડિયાને પણ કોંગ્રેસના સત્તાવાર ઉમેદવારોની બીજી યાદી આપવામાં આવી નથી તેમજ અસંતુષ્ટોના સમર્થકો કોઈ તોફાન ન કરે તે માટે પ્રદેશ કાર્યાલય પર પોલીસનો સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. દરમિયાન સૂત્રોએ જણાવ્યું છે કે કોર્પોરેટર મંગળ સૂરજકરની આગેવાની હેઠળ આવેલા ટોળાએ તોડફોડ કરતા નુકસાન થયુ છે.

## ગીરીશ પરમારનું કંડલા પોર્ટ ટ્રસ્ટમાંથી રાજીનામું

અમદાવાદ, તા. ૨૯

કંડલા પોર્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત ગીરીશ પરમાર ભાજપામાં જોડાતા નૈતિકતાના ધોરણે કંડલા પોર્ટના ટ્રસ્ટી પદેથી તેમણે આજે રાજીનામું આપી દીધું હતું. રાજીનામાનો પત્ર શીપીંગ મંત્રી તેમજ કંડલા પોર્ટના ચેરમેનને મોકલી આપેલ છે. એમ ગીરીશ પરમારના ચૂસ્ત સમર્થક પ્રિયવદન પરમારે કહ્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે આવતીકાલે તા. ૩૦.૧૧.૧૨ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે પોલીટેકનીક ખાતે ૫૪-દાણીલીમડા મતવિસ્તારના ભાજપાના ઉમેદવાર તરીકે ગીરીશ પરમાર ઉમેદવારીપત્રક ભરશે.

# કોંગ્રેસે બીજા તબક્કા માટે ઉમેદવારોના નામો જાહેર કર્યા : ઉમેદવારોને સીધા જ મેન્ડેટ અપાયા

ગાંધીનગર, તા. ૨૯

કોંગ્રેસે આજે બીજા તબક્કા માટે બાકીની ૭૩ બેઠકો માટેના ઉમેદવારોને બારોબાર મેન્ડેટ આપી દેવામાં આવ્યા છે. આવતીકાલે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે. ૯૫ બેઠકો પૈકીની ૨૨ બેઠકોના ઉમેદવારો અગાઉ જાહેર કરી દેવામાં આવ્યા હતા.

બળવાખોરીના ડરે આ વખતે કોંગ્રેસ નેતાગીરીએ ઉમેદવારોની યાદી જાહેર કરવાને બદલે પસંદ કરેલ ઉમેદવારોને ટેલીફોન દ્વારા જાણ કરી દેવામાં આવી હતી અને જિલ્લા પ્રમુખો મારફત બારોબાર મેન્ડેટો આપી દેવામાં આવતાં મોટાભાગના કોંગ્રેસના ઉમેદવારોએ આજે પોતાના ઉમેદવારીપત્રો ભર્યા હતા.

કોંગ્રેસે પ્રથમ તબક્કાની ઉમેદવારોની યાદી જાહેર કર્યા બાદ ઘણી બેઠકો પર કોંગ્રેસમાં કાર્યકરોમાં અસંતોષ ઉઠવા પામ્યો હતો અને કાર્યકરો અને આગેવાનો કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ જતા કોંગ્રેસ નેતાગીરી ચોંકી ઉઠી હતી.

પ્રથમ યાદીમાં થયેલી બળવાખોરીને ધ્યાને રાખીને આ વખતે પક્ષમાં નારાજ કાર્યકરોની બળવાખોરીને રોકવા માટે કોંગ્રેસ નેતાગીરીએ રણનીતિ બદલી નાંખી હતી અને ઉમેદવારોને સીધાજ ફોન દ્વારા જાણ કરી દેવામાં આવી હતી અને બારોબાર મેન્ડેટ આપી દેવામાં આવ્યા હતા.

કોંગ્રેસ પક્ષ દ્વારા આવતીકાલે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આજે કોંગ્રેસના કેટલાક સીનીયર આગેવાનો અને વર્તમાન ધારાસભ્યોને પક્ષ દ્વારા ટીકીટ આપવામાં આવતાં આ આગેવાનો અને ધારાસભ્યોએ પોતાના ઉમેદવારી પત્રો ભર્યા હતા.

# કોંગ્રેસના આગેવાન માધુભાઇ ઠાકોર પણ ભાજપમાં જોડાયા

## અમદાવાદ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ નીલાબા ચૌહાણ સહિત અનેક ટેકેદારોનો પણ ભાજપમાં વિધિવત પ્રવેશ

અમદાવાદ, તા. ૨૯

કોંગ્રેસના દિગ્ગજ આગેવાન શંકરસિંહ વાઘેલાના ટેકેદારોએ હવે કોંગ્રેસથી મોં ફેરવી ભાજપ તરફ પ્રયાણ શરૂ કર્યું છે. ઉમરેઠના ધારાસભ્ય લાલસિંહ વડોદીયા તથા કોંગ્રેસના પ્રદેશ ઉપપ્રમુખ ગીરીશ પરમારે તેમના ટેકેદારો સાથે ભાજપમાં જોડાયા બાદ આજે વધુ એક આગેવાન તથા પૂર્વ પ્રધાન માધુભાઈ ઠાકોર, અમદાવાદ જિલ્લા પંચાયતના ભૂતપૂર્વ પ્રમુખ નીલા બા ચૌહાણ, દસક્રોઈ તાલુકા પંચાયતના હોદ્દેદાર ફુલસિંહ ચૌહાણ, અમદાવાદ શહેર કોંગ્રેસના મંત્રી રૂપેશ મહેતા તથા નિવૃત્તિ અધિક કલેક્ટર પરેશકુમાર વગેરેએ તેમના ટેકેદારો સાથે આજે ભાજપમાં વાજતે ગાજતે પ્રવેશ મેળવ્યો હતો. ભાજપના મધ્યસ્થ કાર્યાલય ખાતે પક્ષના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પરષોત્તમ રૂપાલાએ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયેલા તમામ આગેવાનોનું કેસરી ખેસ પહેરાવી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે રૂપાલાએ પત્રકારોને જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ દ્વારા તેમના પોસ્ટર ચૂંટણી પ્રચારમાં ખોટી તસવીરો દર્શાવી દેશભરનું ગંદવાડ ગુજરાતના નામે રજૂ કરવામાં આવે ત્યારે આવા રાજકીય પ્રદૂષિત વાયુ મંડળમાં પણ આવા પીઢ આગેવાનો તથા કાર્યકરો કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાઈ રહ્યા છે તે દર્શાવે છે કે હવા કઈ તરફ ચાલી રહી છે. જ્યારે ભાજપમાં આજે જોડાયેલા માધુભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે, આજે હું મારા જૂના ઘરે પાછો ફર્યો છું તેનો મને ખૂબ જ આનંદ છે. અગાઉ થોડું મનદુ:ખ થયું હોવાથી હું ભાડાના મકાનમાં રહેવા ગયો હતો. પરંતુ આજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર જે રીતે ચાલી રહી છે તેનાથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું અને માટે જ હું મારા જૂના ઘરે આજે પાછો ફર્યો છું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હું કોઈ લોભ કે લાલચથી ભાજપમાં જોડાયો નતી. મને પક્ષ દ્વારા જે કામ સોંપવામાં આવશે તે કામ હું દિલથી કરીશ. માધુભાઈ ઠાકોરના ટેકેદારોએ આજે ભાજપ કાર્યાલયની નીચે ફટાકડા ફોડી તેમના ભાજપ પ્રવેશને વધાવી લીધો હતો.

## નારણપુરા વોર્ડના કોંગ્રેસ પ્રમુખ ભાજપમાં જોડાયા

અમદાવાદ, તા. ૨૯

નારણપુરા વોર્ડના કોંગ્રેસના પ્રમુખ રાજુભાઈ ઠક્કર આજે તેઓના ૧૦૦થી વધુ સાથીદારો કોંગ્રેસમાંથી છૂટા થઈ ભાજપામાં જોડાયા હતા. પ્રદેશ ઉપપ્રમુખ કૌશિકભાઈ પટેલે તેઓને ભગવા ખેસ ધારણ કરાવી આવકાર્યા હતા. આ ઉપરાંત કોંગ્રેસના માજી જીલ્લા મંત્રી અને શંકરસિંહ વાઘેલાના ખાસ ટેકેદાર, લેધર બોર્ડના ડાયરેક્ટર અને હાઈકોર્ટના એડવોકેટ જે. ડી. ચક્રવર્તી પણ આજરોજ ભાજપામાં જોડાયા હતા. કૌશિકભાઈ પટેલે તેઓને પણ ભગવા ખેસ ધારણ કરાવી આવકાર્યા હતા.

# નરેન્દ્રભાઈ મોદીનું થ્રી-ડી ટેકનોલોજી માધ્યમ દ્વારા એક સાથે ૨૬ શહેરોમાં લાઈવ ટેલીકાસ્ટથી સંબોધન

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિધાનસભા ચૂંટણીના લોકસંપર્ક અભિયાનમાં થ્રી-ડી હોલોગ્રાફિક ટેકનોલોજી ઈમેજથી એક સાથે ગુજરાતના ૨૬ શહેરોમાં જનતા જનાર્દન સમક્ષ મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો કે દિલ્હીની કેન્દ્રની કોંગ્રેસ સલ્તનતે દેશને લૂંટી લીધો છે પણ હું દિલ્હીની જેમ ગુજરાતને લૂંટવા દેવાનો નથી.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને બરબાદ અને બદનામ કરવા લાખ લાખ પેંતરા અને જૂઠ્ઠાણાની ભરમાર કરતી દિલ્હીની કોંગ્રેસ સલ્તનતને પડકારતા જણાવ્યું કે આ ગુજરાત કદી કોંગ્રેસ સામે ઝુંક્યું નથી અને ઝુંકવાનું નથી - જુઠ્ઠાણા એ કોંગ્રેસનું દુષચરિત્ર છે અને જુઠ્ઠાણામાં જ મદહોશ બની ગયેલી કોંગ્રેસને ગુજરાતની જનતા ક્યારેય માફ નહીં કરે. ગુજરાત પ્રત્યે દુશ્મન રાજ્ય હોય એટલી નફરત કોંગ્રેસ કરી રહી છે પણ આ જુઠ્ઠાણાનો હિસાબ જનતા આપી દેશે.

'મારે તો દિવ્ય ભવ્ય ગુજરાતનું નિર્માણ કરવાનું, આવતીકાલની પેઢીઓના સુખ માટેના સપના સાકાર કરવા છે. આ ચૂંટણીમાં ભાજપાનો હું એક જ ઉમેદવાર છું. આપનો છું. આપના સુખ અને ભલા માટે રમમાણ છું. આપે મને પારખ્યો છે, ઓળખ્યો છે. મારે સત્તા ભોગવવાની નથી. મારે તો સામાન્ય માનવીને સુખી જોવો છે. છ કરોડ ગુજરાતીઓનું ગૌરવ વધે, દુનિયામાં ડંકાની ચોટ ઉપર ગુજરાતના વિકાસની શાન વધે એ માટે મત માંગુ છું.' એમ તેમણે જણાવ્યું હતું.

હિન્દુસ્તાનનો કોઈ યુવાન કેન્દ્રની કોંગ્રેસ સરકાર ઉપર પોતાના ભવિષ્યનો ભરોસો મૂકી શકતો નથી કારણ કે કોંગ્રેસે સત્તાભૂખમાં યુવાનોના ભવિષ્યના અરમાન રોળી નાંખ્યા છે જ્યારે ગુજરાતમાં યુવાનો માટે ઉજ્જવળ ભવિષ્યની અનેક ક્ષિતિજો આકાર લઈ રહી છે.

## ગાંધીનગર આવી પહોંચેલા બે નિરીક્ષકો

ગાંધીનગર, તા. ૨૯

ચૂંટણી પંચે વિધાનસભાની ચૂંટણી માટે નિયુક્ત કરેલા નિરીક્ષકો પૈકી બે નિરીક્ષકો આજે ગાંધીનગર આવી પહોંચ્યા છે.

આજે ગાંધીનગર આવી પહોંચેલા ગાંધીનગર (ઉ) બેઠક માટેના નિરીક્ષક પ્રદીપ કાલની અને ગાંધીનગર (દ) બેઠક માટે નિયુક્ત થયેલા નિરીક્ષક વિજયસિંઘ કાલે સવારે ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે આવી પોતાની કામગીરી સંભાળશે.

બાકી રહેલા ત્રણ નિરીક્ષકો આજે ગાંધીનગર આવી રહ્યા છે. આ સામાન્ય નિરીક્ષકો ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય ત્યાં સુધી રોકાશે. તેઓ આચારસંહિતાના અમલની કામગીરી જોશે અને પંચને પોતાનો અહેવાલ આપશે. આ નિરીક્ષકોની હાજરીમાં નિયુક્તિ પામેલા ૩૦૦ માઈક્રો ઓબ્ઝર્વરને તાલીમ આપવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે આ નિરીક્ષકો ગ્રામ વિસ્તારની પણ મુલાકાત લેશે.

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ બેઠકો માટે ચૂંટણી પંચે ૮ નિરીક્ષકો નિમ્યા છે. જેમાં પાંચ સામાન્ય નિરીક્ષકો, બે ખર્ચ નિરીક્ષકો તેમજ એક પોલીસ નિરીક્ષકનો સમાવેશ થાય છે.

બે ખર્ચ નિરીક્ષકોએ તેમની પ્રથમ મુલાકાત વિસ્તારની કરી લીધી છે. તેઓની કામગીરી હવે ઉમેદવારો આખરી કરાયા બાદ શરૂ થશે. જ્યારે સામાન્ય નિરીક્ષકો આચારસંહિતાના અમલ પર દેખરેખ રાખશે. પોલીસ નિરીક્ષક કાયદો અને વ્યવસ્થાની સ્થિત પર નજર રાખશે.

### ચૂંટણી ઢંઢેરામાં અપાયેલા વચનો પૂર્ણ ન કર્યા

# ભાજપે ગત ચૂંટણીમાં વચનો આપ્યા તે પરિપૂર્ણ કર્યા નથી

અમદાવાદ, તા. ૨૯

ગુજરાતમાં ભાજપે ગઈ ૨૦૦૨ અને ૨૦૦૭માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પ્રજાને વચનો આપ્યા હતા તે પરિપૂર્ણ કર્યા નથી. ભાજપના ચૂંટણી ઢંઢેરામાં વિકાસની અનેક વાતો કરીને વચનોની ભરમાર ખડકી દીધી હતી પરંતુ સૌનો સાથ સૌનો વિકાસ નહીં પણ હકીકતે મનગમતા ઉદ્યોગપતિઓનો જ વિકાસ થયો છે તેમ વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે આજે પત્રકારોને જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, ભાજપે ૧૯૯૦, ૧૯૯૫, ૧૯૯૮ અને નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના ભાજપે ૨૦૦૨ અને ૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણીમાં જે વચનો આપ્યા હતા તે પરિપૂર્ણ કર્યા નથી. ભાજપના ચૂંટણી ઢંઢેરામાં ઝૂંપડું ત્યાં ઘર- તમામને ઘર આપવાનું વચન આપ્યું હતું. ઉપરાંત સિંચાઈની ક્ષમતામાં દોઢ ગણો વધારો, સિંચાઈ દરમાં રાહત, ખેડૂતોને ૧૦,૦૦૦ સુધીની કૃષિલોનમાં માફી, ખેડૂતોને ત્વરિત વીજ જોડાણ આપવા પાંજરાપોળોને જમીન આપવી, ખેડૂતોને ૨૪ કલાકમાં ૭/૧૨ના ઉતારા આપવાના વચનો આપ્યા હતા એમાં એકપણ વચન પૂર્ણ કર્યું નથી. તેમણે કહ્યું હતું કે, ૨૦૦૭માં ભાજપે વચન આપ્યું હતું કે, ભાજપની સરકાર બનશે તો શહેરોની નજીક ટાઉનશીપ બનાવીશું, વીજશક્તિ બમણી કરીશું. ગિફ્ટસિટીનો વિકાસ કરીશું. ગ્રામ્ય વિસ્તારોના રોડ-રસ્તાઓ પાકા બનાવીશું. ગ્રામ્ય વિસ્તારોમાં ઘરવિહોણાઓને ઘરથાળના પ્લોટ આપીશું. નર્મદાના પાણી કેનાલો દ્વારા ખેતરો સુધી પહોંચાડીશું અને સૌરાષ્ટ્રમાં ડાયમન્ડ પ્રોસેસીંગ પાર્ક ઊભા કરવાના વચનો પરિપૂર્ણ કર્યા જ નથી. ભાજપના સત્તા પર આવ્યા બાદ તમામ વચનો ભૂલી ગયું હતું.

# શાંતિ તથા સલામતીને કારણે જ રાજ્યનો વિકાસ થયો છે : જાડેજા

અમદાવાદ, તા. ૨૯

ભાજપાના પ્રદેશ પ્રવક્તા આઈ. કે. જાડેજા જણાવે છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાપનને કારણે શાંતિ અને સલામતી હોવાને કારણે તમામ ક્ષેત્રોમાં વિકાસ થયો છે. એટલું જ નહીં અન્ય રાજ્યો નકસલવાદ, આતંકવાદ, ગેંગવોર અને બોમ્બ વિસ્ફોટમાં ત્રસ્ત છે એમ જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેરેલ કે દાયકા પહેલાં ગુજરાતમાં લતીફ ગેંગ, રાજુ રીસાલદાર ગેંગ, ઈકબાલ મીરચી ગેંગ, મોહંમદ સુરતી, અબ્દુલ વહાબ ગેંગ જેવા અનેક માફિયાઓ અને બુટલેગરોનું રાજ ચાલતું. બુટલેગરો વચ્ચેના ગેંગવોર એ સ્વાભાવિક ઘટના હતી. કોમી રમખાણો છાશવારે થતા. કરફ્યુ ગુજરાતમાં ગમે ત્યારે મુકવો પડતો. અનેક વખત પવિત્ર જગન્નાથ રથયાત્રા પર હુમલા થતાં, સામાન્ય લોકો માટે સલામતીનો શ્વાસ લેવો દુષ્કર હતો. જ્યારે આજે આવી કોઈ માફિયા ગેંગનું અસ્તિત્વ ગુજરાતમાં ક્યાંય નથી. ભૂતકાળમાં મજૂરોના આંદોલનો રોજબરોજની ઘટના હતી, ખેડૂત આંદોલનો, વિદ્યાર્થીઓના આંદોલનો, મહિલા અધિકારના આંદોલનોએ રોજબરોજની ઘટના હતી, પરંતુ આજે આવા કોઈ આંદોલનો નથી હોતા. જેને કારણે આજે ગુજરાત વિકાસની દિશામાં ભારતનું ગ્રોથ એન્જીન સાબિત થયું છે. તેમણે અંતે જણાવ્યું હતું કે દેશની એક અગ્રણી ન્યૂઝ એજન્સી દ્વારા કરવામાં આવેલ સર્વેપ્રમાણે નાગરિકો માટે રહેવા માટે સૌથી શાંત અને સલામત રાજ્ય હો તો તે ગુજરાત છે. આ અંગે ગુજરાતના ગૃહ વિભાગને ખાસ એવોર્ડથી સન્માનીત કરવામાં આવેલ છે તે સત્યને કોંગ્રેસ અસત્ય કરી શકશે નહીં.

## ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસના ઉમેદવારો

| | |
|---|---|
| ખેડબ્રહ્મા | અશ્વિન કોટવાલ |
| ભિલોડા | ડૉ. અનિલ જોશીયારા |
| બાયડ | મહેન્દ્રસિંહ વાઘેલા |
| મોડાસા | હિરાભાઈ પટેલ |
| ઈડર | રામભાઈ સોલંકી |
| હિંમતનગર | રાજેન્દ્રસિંહ ચાવડા |
| મહેસાણા | નટવરભાઈ પી પટેલ |
| પાટણ | જોધાજી ઠાકોર |
| ચાણસ્મા | દિનેશ ઠાકોર |
| પાલનપુર | એ કે પટેલ |
| ડીસા | રાજેન્દ્ર જોશી |
| વિજાપુર | પી આઈ પટેલ |

# 'મોદી કી મજબૂરિયાં' : 'પાટલી બદલુ' અને 'બેઠક બદલુ' રાજકારણીઓને ઓળખી લઈએ

**સમયસર**

- ડૉ. કેશુભાઈ દેસાઈ

રાજકારણના વરવા ચહેરાની ખરી ઓળખ ચૂંટણી ટાણે જ થતી હોય છે. આડા દિવસોમાં આદર્શોની ફિશિયારી હાંકતા રાજકારણીઓ એમનો સ્વાર્થ જોખમાતો લાગતાં જ કાચીંડાની જેમ રંગ બદલી નાખે છે. ગુજરાતની ચૂંટણી પૂર્વે દલિતોની 'હત્યા'ના મુદ્દે મોદી સામે સરઘસ કાઢનારા અને ભાજપને તથા સંઘને ભાંડવાની એક પણ તક નહીં છોડનારા કોંગ્રેસના પ્રદેશ ઉપપ્રમુખ અને બેફામ પ્રવક્તા ગિરીશ પરમારનું મૂળ ગોત્ર તો ભાજપ જ છે. શંકરસિંહ વાઘેલાએ 'રાજપા' - રાષ્ટ્રીય જનતા પાર્ટી બનાવી ત્યારે તેઓ પક્ષના દલિત ચહેરા તરીકે ઉપસી આવ્યા હતા. એ પછી શંકરસિંહે કોંગ્રેસનું શરણું સ્વીકાર્યું ત્યારે સાગમટે આખે આખી રાજપા કોંગ્રેસમાં ભળી જતાં ગિરીશ પરમાર પણ કોંગ્રેસી બની ગયા હતા અને એમના ચળવળીયા સ્વભાવને કારણે સંગઠનમાં છેક ઉપપ્રમુખ પદ સુધી પહોંચી ગયા હતા. ભાગ્યે જ કોઈ દિવસ ખાલી જતો કે જયારે પત્રકારો સમક્ષ કે ઈલેક્ટ્રોનિક મીડિયા સમક્ષ એમનો કરચલિયાળો, અકાળે ઘરડો થઈ ગયેલો ચહેરો ડોકાયો ન હોય અથવા જોવા ન મળ્યો હોય.

**આડા દિવસોમાં આદર્શોની ફિશિયારી હાંકતા રાજકારણીઓ એમનો સ્વાર્થ જોખમાતો લાગતાં જ કાચીંડાની જેમ રંગ બદલી નાખે છે**

રાજકારણને ચોવીસે કલાકનો વ્યવસાય બનાવી ચૂકેલા આ ઝુઝારૂ દલિત અગ્રણી અગાઉ કોંગ્રેસના ઝુઝારૂ નેતા મનુભાઈ પરમાર સામે ચૂંટણી લડી ચૂકેલા છે. પૂર્વ ધારાસભ્ય શૈલેષ પરમાર એ મનુભાઈ પરમારના જ પુત્ર છે અને કોંગ્રેસ તેમજ રાજકારણનો બાપનો વારસો સાચવી રહ્યા, શૈલેષ પરમાર અહમદ પટેલની ગુડ બુકમાં ગણાતા હોઈ દાણીલીમડાની બેઠક પર વિધાનસભાની ટિકીટ મેળવવામાં સફળ રહ્યા, જે ગિરીશ પરમાર માટે એમની ઢળતી વયની કારકિર્દી માટે મોટો ફટકો બની રહે એમ હતું. એથી છેક છેલ્લે સુધી કોંગ્રેસ, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની જય બોલાવનારા ગિરીશ પરમારે એમના ટેકેદારો સાથે ભાજપના કાર્યાલયે પહોંચી ભગવો ખેચ પહેરી લીધો અને ત્રણ જ કલાકમાં દાણીલીમડા મતવિસ્તારની ભાજપની ટિકિટ પણ મેળવી લીધી! ભાજપની સામે એના અમદાવાદ ખાતે આવેલા ખાનપુર સ્થિત જે કાર્યાલય આગળ એ નરેન્દ્ર મોદીની હાય હાય બોલાવતાં રહ્યા હતા અને પૂતળાં બાળતા રહ્યા હતા, છેક આગલા દિવસ સુધી 'દલિતોના હત્યારા' કહી બેફામ ગાળોનો વરસાદ વરસાવતા રહ્યા હતા, એ જ પ્રદેશ કાર્યાલયમાં એમણે કોંગ્રેસના જ પ્રચારસૂત્ર 'ગુજરાતની દશા અને દિશા' બદલવાનો વિપરીત વિનિયોગ કરી નરેન્દ્ર મોદીની આદમકદ છબિ સાથે હાથ મિલાવ્યા! કેવી વિડંબના! ઉમરેઠની બેઠક રાષ્ટ્રીય સમજૂતી મુજબ રાષ્ટ્રવાદી કોંગ્રેસના ફાળે જતાં કોંગ્રેસના ચાલુ ધારાસભ્ય લાલસિંહ વડોદિયા કપાયા છે. એમણે તાબડતોબ ભાજપમાં કૂદકો માર્યો પરંતુ તેમ છતાં ભાજપે એમને ઑબ્લાઈઝ કર્યા નથી.

આવી જ બદકિસ્મતી ઉર્વશી દેવીનાં કુંવર તુષારસિંહની થવા પામી છે. એ પણ ભાજપમાં જોડાયા હતા તે ટિકીટની આશાએ. નરેન્દ્ર મોદીનું રાજકીય ગણિત કોંગ્રેસી નેતાઓની સરખામણીએ ઘણું પાકું હોય છે. રાજકોટમાં એમને ચીમન શુક્લના વારસદારને સાચવી લેવાની ફરજ પડી છે. 'નો રિપીટ' થિયરીના 'માસ્ટર' ગણાતા મોદીએ અનિચ્છાએ એવા મોટા ભાગના ધારાસભ્યોને ફરીવાર ટિકીટ આપવી પડી છે જેમને સામાન્ય સંજોગોમાં એમણે દરવાજો દેખાડવાનું પસંદ કર્યું હોત. સૌરાષ્ટ્રના નામચીન કોળી પટેલ અગ્રણી પુરૂષોત્તમ સોલંકી, પંચમહાલના વિવાદાસ્પદ આગેવાન પ્રભાતસિંહ ચૌહાણના પુત્ર 'નામચીન' પ્રવીણસિંહ સોલંકી વગેરેને સામાન્ય સંજોગોમાં મોદીએ ભાગ્યે જ પસંદ કર્યા હોત. કલોકમાં પૂર્વ ધારાસભ્ય ડૉ. અતુલ પટેલને વરિષ્ઠ સાથી - પૂર્વ સાંસદ અને કેન્દ્રિય મંત્રી ડૉ. એ.કે. પટેલના લઘુબંધુ છે. મધુ શ્રીવાસ્તવને વાઘોડિયામાં ટિકીટ મળી છે, એ જ રીતે અમીત શાહને નારણપુરાની ટિકીટ મળી છે. શોહરાબુદ્દીન કેસમાં ચાર્જશીટ થયેલા પૂર્વ ગૃહરાજ્યમંત્રી અમીત શાહને ઊભા રાખીને કદાચ મોદી હિંદુત્વનું ઓસરી ગયેલું મોજું ફરી ઊભું કરવા માગતા હોય એમ પણ બને. આવાં માથાભારે તત્ત્વોનો સાથ લીધા વગર મોદીની ખોટકાયેલી ગાડી આગળ વધી શકે તેમ નહોતી, એમ જ સમજવું રહ્યું. ગત લોકસભાની ચૂંટણીમાં રાતોરાત કોંગ્રેસમાંથી પક્ષપલટો કરાવી તત્કાલીન ધારાસભ્ય ભાવસિંહ રાઠોડને પાટણની લોકસભાની બેઠક પર ચૂંટણી લડાવાયેલી, તે યાદ આવે છે. ભાવસિંહ રાઠોડ નામચીન લોકનેતા છે. પાટણની બેઠક ભલે ન જીતી શક્યા હોય પરંતુ સમી-હારીજની એમની ધારાસભાની બેઠક પર એ અજેય રહ્યાં છે. આ વખતે એમણે પોતાના મૂળ ઘર-કોંગ્રેસ તરફ રૂખ કરતાંની સાથે રાધનપુરના ચાલુ ધારાસભ્ય અને મોદીના 'બ્લ્યુ આઈડ બૉય - શંકર ચૌધરીની ફેં ફાટી ગઈ છે. નવા સીમાંકનમાં ભાવસિંહ રાઠોડનું સમી તાલુકાવાળું કાર્યક્ષેત્ર રાધનપુર બેઠકમાં ઉમેરાતાં શંકર ચૌધરીએ સલામત સીટની શોધમાં નજીકની વાવ બેઠક પર પલાયન કર્યું છે.

પાટણમાં ચાલુ ધારાસભ્ય અને મોદીનાં માનીતા મહેસૂલ મંત્રી આનંદીબહેન માટે પાટણની બેઠક પર હેટ્રિક લગાવવાનું લગભગ અશક્ય બની ગયું હતું. બહેનજીએ સિફત પૂર્વક અમદાવાદ શહેર વિસ્તારની નવી રચાયેલી ઘાટલોડિયા બેઠક પર પસંદગી ઉતારીને જીતનું ગણિત માંડ્યું છે. મોદીની વાઈબ્રન્ટ છબિના સૂત્રધાર ગણાતા સૌરભ દલાલે કાઠિયાવાડ છોડીને મધ્ય ગુજરાતમાં નસીબ અજમાવવાનું ગોઠવ્યું કારણ કે એમની ચાલુ બેઠક પર કોંગ્રેસના ચાલુ સાંસદ કુંવરજી બાવળિયાનું નામ નક્કી થઈ ગયું હોઈ એ બેઠક જ્ઞાતિ સમીકરણોની રૂએ ભાજપ માટે અસલામત બની ગઈ હતી. વડોદરાની અકોટા બેઠક સમજૂતીની રૂએ એનસીપીના ફાળે જવાથી સૌરભ દલાલ સામે 'પંજો' ભિડાશે નહીં, એ એમને માટે રાહતની બાબત છે.

કડીની બેઠક પર ચૂંટાયેલા અને ક્યારેક કેશુભાઈ પટેલના 'માણસ' તરીકે ઓળખાતા મોદી મંત્રીમંડળના સિનીયર સાથી નિતિન પટેલને મહેસાણા ખસેડવામાં આવ્યા છે. મહેસાણા બેઠકના ચાલુ ધારાસભ્ય અનિલ પટેલને પડતા મૂકવાથી એ બેઠક ભાજપ માટે જોખમી બની શકે છે. સામે કોંગ્રેસ તરફથી ધુરંધર સહકારી અગ્રણી નટવર પીતાંબરને ઉતારવામાં આવ્યાં છે.

મોદીએ પક્ષ પલટાં કરાવવાની એમની કુનેહનો ભરપૂર ઉપયોગ કરી ગાંધીનગરની બેઠક જીતવા માટે કોંગ્રેસના પરંપરાગત કાર્યકરોને ભાજપમાં ખેંચી લેવાના ભરપૂર કારસા કર્યા છે.

રાજકારણમાં સિધ્ધાંતનું પૂછડું પકડીને બેસી રહેવું પાલવે પણ નહીં; 'સદ્ભાવના' કાર્યક્રમોનો જોરશોરથી પ્રચાર કર્યા પછી મોદીને ગુજરાતની એકસો બ્યાશી બેઠકો પૈકી એક પણ બેઠક પર મુસલમાન ઉમેદવાર નથી મળી શક્યો તે શું એમની મસ મોટી મજબૂરી નથી? કેશુભાઈ સાથે મળી ગયેલા સ્થાનિક સંઘ પરિવાર - વિશ્વ હિંદુ પરિષદ સામે પોતાની 'હિંદુ હૃદય સમ્રાટ'ની છબી ટકાવી રાખવા માટે એમને મુસ્લિમોની આભડછેટ રાખવી પડી હોય, તે બનવાજોગ. વળી,

**મોદી એક મુદ્દે જબરા નસીબદાર છે : કોંગ્રેસમાં એમનો બરબરિયો નેતા નથી અને જે છે તેને કોંગ્રેસ 'કોંગ્રેસી' ગણતી નથી**

પોતાની અંગત કરિશ્મા પર આખી પાર્ટીને ઊંચકીને ચાલતા નરેન્દ્ર મોદીને આ વખતે કોંગ્રેસમાંથી ગિરીશ પરમાર જેવા ઉમેદવાર આયાત કરવા પડ્યા છે, તે શું એમની કહેવાતી કરિશ્માનાં વળતાં પાણી નથી?

પરંતુ મોદી એક મુદ્દે જબરા નસીબદાર છે : કોંગ્રેસમાં એમનો બરબરિયો નેતા નથી અને જે છે તેને કોંગ્રેસ 'કોંગ્રેસી' ગણતી નથી. કોંગ્રેસની અંદરોઅંદરની યાદવાસ્થળી જ કદાચ મોદીને ફળે તો ફળે. એ સિવાય તો કેશુભાઈ પટેલ સહિતના અનેક જૂના જોગીઓની નારાજગી છતાં એમની સામે હરફ નહીં ઉચ્ચારી શકતા મોદીની બાંધી મૂઠી પૂરેપૂરી ઊઘડી ગઈ છે અને પ્રજા એમને વધતા ઓછા પ્રમાણમાં બરાબર ઓળખી ગઈ છે.